# <u>ટ્રેક્ટર ડ્રાઇવરની શૈક્ષણિક લાયકાતને સબંધિત વિષય અને તેની ઉપયોગીતાને લગતા પ્રશ્નો: (૧૨૦ પ્રશ્નો , ૧૨૦ ગુણ)</u>

## ૧. વાહન વ્યવહાર અને આર.ટી.ઓ. ના નિયમો (Traffic Rules & RTO Regulations)

- ટ્રાફિક ચિહ્નો (Traffic Signs): ફરજિયાત ચિહ્નો, ચેતવણી દર્શક ચિહ્નો અને માહિતીપ્રદ ચિહ્નોની ઓળખ.
- ડ્રાઇવિંગના નિયમો: રોડ પર વાહન ચલાવવાની સાચી રીત, ઓવરટેકિંગના નિયમો, સ્પીડ લિમિટ, અને લેન શિસ્ત.
- મોટર વાહન અધિનિયમ (Motor Vehicle Act): ડ્રાઇવરની ફરજો અને જવાબદારીઓ, લાયસન્સ રિન્યુઅલ પ્રક્રિયા, પી.યુ.સી. (PUC), અને વીમો (Insurance).
- વાહનના દસ્તાવેજો: આર. સી. બુક, ફિટનેસ સર્ટિફિકેટ અને પરમિટ અંગેની જાણકારી.

## ૨. ટ્રેક્ટર અને એન્જિનની તકનીકી જાણકારી (Technical Knowledge of Tractor)

- ટ્રેક્ટરના પાર્ટસ અને તેના મેન્ટેનન્સ અંગેનું પાયાનું જ્ઞાન.
- એન્જિનના મુખ્ય ભાગો: પિસ્ટન, સિલિન્ડર, રેડિએટર, કાર્બ્યુરેટર/ઇન્જેક્ટર વગેરેની સામાન્ય સમજ.
- કૂલિંગ અને લ્યુબ્રિકેશન સિસ્ટમ: ઓઇલ લેવલ ચેક કરવું. કુલન્ટ (પાણી) બદલવું. અને ઓવરહીટિંગના કારણો.
- ટ્રાન્સમિશન સિસ્ટમ: ક્લચ, ગિયર બોક્સ, અને બ્રેક સિસ્ટમનો ઉપયોગ અને સંભાળ.
- ઇલેક્ટ્રિકલ સિસ્ટમ: બેટરી મેન્ટેનન્સ, સેલ્ફ-સ્ટાર્ટર, અને લાઈટિંગ સિસ્ટમ (હેડલાઇટ, ઇન્ડિકેટર).
- ટાયર મેન્ટેનન્સ: ટાયરમાં હવાનું દબાણ, ટાયર બદલવાની રીત અને પંચર વખતે લેવાના પગલાં.

## ૩. ખેતી વિષયક ઓજારો અને હાઈડ્રોલિક સિસ્ટમ (Agricultural Implements & Hydraulics)

- હાઈડ્રોલિક સિસ્ટમ: ટ્રોલી કે ઓજારોને ઊંચકવા અને નીચે કરવા માટે લિવરનો ઉપયોગ.
- ખેતીના ઓજારો જોડવાની રીત: રોટાવેટર, હળ, કલ્ટીવેટર, અને થ્રેશરને ટ્રેક્ટર સાથે જોડતી વખતે (PTO શાફ્ટ) રાખવાની સાવચેતી.
- ટ્રોલી અને ભાર વહન: ટ્રોલી જોડવી, રિવર્સ લેવી, અને ભાર ભરેલા વાહનને ઢાળ પર ચલાવવાની રીત.

### ૪. સલામતી અને પ્રાથમિક સારવાર (Safety & First Aid)

- અકસ્માત નિવારણ અને ઈમરજન્સી સમયની જાણકારી.
- સુરક્ષિત ડ્રાઇવિંગ: રાત્રિ દરમિયાન, વરસાદમાં અને કાદવ કીચડમાં ટ્રેક્ટર ચલાવવાની સાવચેતીઓ.
- અકસ્માત સમયે પગલાં: અકસ્માત થાય તો પોલીસ અને એમ્બ્યુલન્સને જાણ કરવી.
- પ્રાથમિક સારવાર (First Aid): વાગ્યું હોય ત્યારે પાટાપીંડી કરવી, સી.પી.આર. (CPR) ની સામાન્ય સમજ.
- ફાયર સેફ્ટી: એન્જિનમાં આગ લાગે તો શું કરવું અને અગ્નિશામક (Fire Extinguisher) નો ઉપયોગ.

### ૫. વિષય સબંધિત સામાન્ય ગણિત અને સામાન્ય જ્ઞાન (Basic Math & General Knowledge)

- ગણિત: ડીઝલનો વપરાશ (માઈલેજ) ગણવો, જમીનનું માપ (વીઘા/એકર) સમજવું, અને સામાન્ય સરવાળા-બાદબાકી.
- ભાષા: ગુજરાતીમાં સાઈન બોર્ડ વાંચવાની અને લોગ બુક ભરવાની ક્ષમતા.
- ભૂગોળ: સ્થાનિક રસ્તાઓ અને તાલુકા/જિલ્લાની સામાન્ય ભૌગોલિક જાણકારી.

નોંધ: જરૂર જણાયે પ્રાયોગીક ડ્રાઇવિંગ ટેસ્ટની પરીક્ષા લેવામાં આવશે તેમજ ખેતીના ઓજારો ચલાવવા અને આવડત અંગેના પ્રાયોગિક પરીક્ષા પણ લેવામાં આવશે.